૧૧૧૩-૬૪

કમાંકઃપ્રાશિનિ/ખ-૨/લ.પ્ર/રાજકોટ/૩૫૬૧૭/૨૦૨૧
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોકનં.૧૨/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન
ગુ.રા.ગાંધીનગર તા. ૨૨/૦૨/૨૦૨૧

પ્રતિ,
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
કામદાર એજ્યુકેશન ટ્રસ્ટ,રાજકોટ સંચાલિત
C/O. દિલ્હી વર્લ્ડ પબ્લીક સ્કુલ, મુ.હરીપર, તા.લોધીકા, જિ.રાજકોટ

વિષયઃ- " ધાર્મિક લઘુમતિ" દરજ્જાનું પ્રમાણપત્ર આપવા બાબત.
દિલ્હી વર્લ્ડ પબ્લીક સ્કુલ, મુ.હરીપર, તા.લોધીકા, જિ.રાજકોટ
સંદર્ભઃ-(૧) શિ.વિ.ના પત્ર કમાંકઃપરચ/૧૦૦૬/૩૪૬/ચ તા.૧૧/૪/૨૦૦૮
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી રાજકોટના પત્ર કમાંકઃશિ./એસ્ટા-૨/વશી/૪૯ તા.૨૫/૦૧/૨૦૨૧

ઉપરોકત વિષયના અનુસંધાને જણાવવાનું કે, આપના નિયંત્રણ હેઠળ આવેલ કામદાર એજ્યુકેશન ટ્રસ્ટ,રાજકોટ સંચાલિત દિલ્હી વર્લ્ડ પબ્લીક સ્કુલ, (અં.મા.) મુ.હરીપર, તા.લોધીકા, જિ.રાજકોટને "ધાર્મિક લઘુમતિ" શાળા તરીકે જાહેર કરવા બાબતે સંદર્ભ- ૨ થી મળેલ દરખાસ્ત અને સંદર્ભ-૧ થી મળેલ સત્તાની રૂએ નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

૧. સરકારશ્રીના વખતોવખતના નિયમોનું પાલન કરવાનું રહેશે.
૨. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી રાજકોટના સંદર્ભ દર્શિતપત્ર-૨થી થયેલ કરારનુ પાલન નહિ થાય તો આપેલ મંજૂરી રદ થવાને પાત્ર ગણાશે. અને લઘુમતિ શાળા તરીકે મંજુરી પુનઃમેળવવાની રહેશે.
૩. આ મંજુરી માત્ર જે શાળાને આપેલ છે તે શાળાના શૈક્ષણિક હેતુ પુરતી જ માન્ય ગણાશે.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાનાઃ-
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી રાજકોટ

- સીલેકટ ફાઇલે